DATE: 10/02/2025 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-02

# વોલ્વો બસમાં લઈ જવાતો દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી પોલીસે વોલ્વો બસ માં લઈ જવાતો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ચોક્કસ માહિતી આધારે પાનોલી પોલીસે લેન્ડમાર્ક હોટલ પાસે વોલ્વો બસમાં બીયરના ટીન 114 ઝડપી પાડી બસ પણ જપ્ત કરી હતી. પોલીસે વોલ્વો બસ ચાલક અને ક્લીનર ની ધરપકડ કરી હતી.

પાનોલી પોલીસે 14 હજાર નો દારૂ નો જથ્થો અને વોલ્વો બસ જપ્ત કરી હતી તેમજ બસ ચાલક નવીન પટેલ રહે. ઈન્દોડા રાજસ્થાન અને જગદીશ આચાર્ય રહેલ ચિત્તોડગઢ રાજસ્થાન ની ધરપકડ કરી હતી , બને દારૂ નો જથ્થો ક્યાં લઈ જવાના હતા તે પૂછપરછ કરી હતી.

**DATE: 10/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એક શખ્સની ધરપકડ, બે સુત્રધાર વૉન્ટેડ જાહેર કરાયાં

# ભરૂચની શ્રવણ ચોકડી પાસે મસાજની આડમાં દેહવિક્રયનું કૌભાંડ ઝડપાયું

## પોલીસે ડમી ગ્રાહક મોકલ્યો, મિસકોલ મળ્યો ને રેડ પાડી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની શ્રવણ ચોકડી પાસે આવેલાં ઐશ્વર્યા બંગ્લોઝ શોપિંગ કોમ્પ્લેક્ષમાં ગોલ્ડન ફેમિલી નામની સ્પા-મસાજની દુકાનની આડમાં દેહવિક્રિયનો કારસો ચાલતો હતો. ભરૂચ એ ડીવિઝન પોલીસે ડમી ગ્રાહક મોકલી એક શખ્સને ઝડપી પાડ્યો હતો. જોકે, સ્પાનો સંચાલક સહિત બેને વોન્ટેડ જાહેર કર્યાં હતાં.ત્રણેય વિરૂદ્ધ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્સન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભરૂચ એ ડીવિઝન પોલીસના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરની શ્રવણ ચોકડી



પાસેન ઐશ્વર્યા બંગ્લોઝ શોપિંગ સેન્ટમાં ચાલતાં ગોલ્ડન ફેમિલી નામની સ્પા અને મસાજની દુકાનમાં ગેરકાયદે અનૈતિક પ્રવૃત્તિઓ ચાલે છે. જેથી પીઆઈ વી. યુ. ગડરિયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સની ટીમે એક ડમી ગ્રાહકને ત્યાં મોકલ્યો હતો. ત્યાં કાઉન્ટર પર બેસેલાં શખ્સે ઓનલાઈન રૂપિયા લીધા બાદ એક રૂપલલના સાથે તેને મોકલ્યો હતો. અરસામાં ડમી ગ્રાહકે પોલીસને મીસકોલ કરતાં ટીમે સ્થળ પર દોડી આવી દરોડો પાડ્યો હતો.

ટીમે સ્થળ પરથી કાઉન્ટર પર બેસેલા વાસુદેવ વક્તારામ દવેની ધરપકડ કરી હતી. પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે, સ્પાનું સંચાલન દેવેન્દ્ર ભીખા વાળંદ તેમજ વિપુલ ઉર્ફે ગબ્બર કરે છે. જેથી ટીમે તેમને વોન્ટેડ જાહેર કર્યો હતો. એ ડીવિઝન પોલીસે ત્રણેય વિરૂદ્ધ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્સન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**DATE: 11/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અગાઉ 10 આરોપીઓ ઝડપાયા હતા

# વીડિયોકોન કંપનીમાં થયેલી ચોરીમાં વોન્ટેડ સગીર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના ચાવજ રોડ પર આવેલી વિડીયોકોન કંપનીમાં વર્ષ 2017માં સ્ટોર રૂમમાંથી કુલ 8.15 લાખના સામાનની ચોરી થઈ હતી. દરમિયાનમાં ઓલપાડમાં એક ભંગારિયાઓની ટોળકી ઝડપાતાં તેની તપાસમાં વિડીયોકોન કંપનીમાં થયેલી ચોરીનો પણ ભેદ ઉકેલાયો હતો. જેમાં અગાઉ 10 જેટલાં આરોપીઓ ઝડપાયાં હતાં. તેમની પુછપરછમાં વિડીયોકોનની ચોરીમાં એક કાયદાના સંઘર્ષમાં આવતાં કિશોરની પણ સંડોવણી હોવાનું ખુલતાં ટીમે તેને શોધવાની કવાયત હાથ ધરી હતી. અરસામાં તે તેના પિતા સાથે ભરૂચના શિતલ સર્કલ પાસે આવ્યો હોવાની ચોક્કસ બાતમી ભરૂચ એસઓજીની ટીમને થતાં ટીમે સ્થળ પર પહોંચી તેને ઝડપી પાડ્યો હતો. અને તેને ભરૂચ સી ડીવિઝન પોલીસને હવાલે કર્યો હતો. સી ડીવિઝન પોલીસે તેની પ્રાથમિક પુછપરછ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 11/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# ૮ વર્ષથી છેતરપિંડીના ગુનામાં વોન્ટેડ મહિલા આરોપી રાજસ્થાનના ઉદયપુરથી ઝડપાઈ

ભરૂચ, તા. ૧૦

આઠ વર્ષથી છેતરપિંડીના ગુનાના વોન્ટેડ મહિલા લીસ્ટેડ આરોપીને રાજસ્થાન ના ઉદયપુરથી ભરુચ પેરોલ ફલી સ્ક્વોડે ઝડપી પાડી હતી.

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા પેરોલ, ફલી જમ્પ ફરારી આરોપી તથા નાસતા ફરતા આરોપીઓ પકડવા ખાસ ઝુંબેશ રાખવામાં આવેલી છે.

જે અનુસંધાને પી.એસ.આઈ. નાં માર્ગદર્શન હેઠળ ભરૂચ પેરોલ ફલી સ્ક્વોડની ટીમ જિલ્લાનાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ પકડવા રાજસ્થાન ખાતે તપાસમાં ગયેલા અને ત્યાં જઈ બાતમીના આધારે અંકલેશ્વર જી આઈ ડી સી પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા મહિલા આરોપી કંચનબેન ચૌધરી રહેવાસી- નાલંદા સ્કુલની બાજુમાં, રાજપીપળા રોડ, સારંગપુર, તા.અંકલેશ્વરને રાજસ્થાનનાં ઉદયપુર ખાતેથી ઝડપી પાડી કાર્યવાહી માટે અંકલેશ્વર જી આઈ ડી સી પોલીસને હવાલે કરેલી છે.

**DATE: 11/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ખરોડ ગામેથી કોસંબાના ફરાર આરોપીની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે સુરત ગ્રામ્ય કોસંબા પોલીસ મથકના પ્રોહિબિશનના કેસમાં છેલ્લા બે વર્ષથી ફરાર આરોપીની ધરપકડ કરી છે. પોલીસ સબ ઈન્સપેક્ટર એમ.એમ. રાઠોડ ની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે અંકલેશ્વર ના ખરોડ ગામમાં લેન્ડમાર્ક હોટલ ની પાછળ દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન અંકિત ઉર્ફે કલ્લુ અવધેશ યાદવ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

**DATE: 11/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે 26 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# જંબુસરના ખાનપુર દેહમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે વેળાં ખાનપુર દેહ ગામમાં રહેતો ગુલામ નબી પટેલ નવીનગીરમાં રાઠોડ વાસની પાછળ જાહેરમાં મળતિયાઓને બોલાવી જુગાર રમાડતો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડો પાડતાં કેટલાંક શખ્સોએ સ્ટ્રીટ લાઈટ નીચે જુગારની મહેફિલ જમાવી હોવાનું જણાતાં તેમણે કોર્ડન કર્યાં હતાં.પોલીસને જોઈ જુગારીયાઓએ ભાગવાની કોશિષ કરી હતી. જોકે, પાંચેય જુગારી ગુલામ ઉર્ફે નબી ઈબ્રાહિમ પટેલ, સઈદ યાકુબ પટેલ, મહંમદ ઉર્ફે જુઠી ઈસ્માઈલ પટેલ, સઈદ ઈસ્માઈલ પટેલ, ગુલામ ઉર્ફે કોલા ઈસ્માઈલ પટેલ તેમજ મહંમદઉર્ફે જાકીર ઈકબાલ મિસ્ટર ઝડપાઈ ગયાં હતાં. ટીમે તેમની પાસેથી અંગઝડતીના તેમજ દાવ પર લાગેલાં મળીકુલ 10 હજારથી વધુની રોકડ તેમજ 15 હજારથી વધુની કિંમતના 4 મોબાઈલ મળી કુલ 26 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# પ્રોહીબિશનના ગુનામાં દોઢ વર્ષથી વોન્ટેડની ધરપકડ

ભાસ્કર ન્યુઝ | ભરૂચ

વાલિયા પોલીસ મથકના પીઆઇ એમ.બી. તોમરએ ટીમો બનાવીને વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે સૂચના આપી હતી જે અંતર્ગત પી.એસ.આઈ. કે.બી.ડોડીયા તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા. એ દરમ્યાન બાતમી મળી હતી કે વાલીયા પોલીસ મથકના પ્રોહિબીશનના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપી રવિરાજ ઉર્ફે હિટલર શંકર વસાવા રહે.ચારણી, તા.ઉમરપાડા હાલ મીરાપુર ચેક પોસ્ટ પાસેથી ઝડપી પાડ્યો હતો.

**DATE: 11/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### રૂા.૧૨.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો

# મુંબઈથી અમદાવાદ તરફ જતી વોલ્વો બસમાંથી દારૂ ઝડપાયો

### બસના ડ્રાઈવર અને કંડક્ટરની પોલીસે ધરપકડ કરી

। અંકલેશ્વર ।

ભરૂચની પાનોલી પોલીસ મથકના સ્ટાફને બાતમી મળી હતી કે મુંબઈથી અમદાવાદ તરફ જતી વોલ્વો લકઝરી બસમાં વિદેશી દારૂનો જથ્થો ભરી અંકલેશ્વર બાજુ જનાર છે, જેના આધારે અંકલેશ્વરની પાનોલી પોલીસે મુંબઈથી અમદાવાદ જઈ રહેલ બસમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો દારૂ અને બસ મળી રૂ.૧૨.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત બે આરોપીની પોલીસે કરી હતી.

ભરૂચની પાનોલી પોલીસ મથકના સ્ટાફને બાતમી મળી હતી કે મુંબઈથી અમદાવાદ તરફ જતી વોલ્વો લકઝરી બસમાં વિદેશી દારૂનો જથ્થો ભરી અંકલેશ્વર બાજુ જનાર છે.જેવી બાતમીના આધારે પોલીસે અંકલેશ્વર હાઈવે ઉપર લેન્ડ માર્ક હોટલના કમ્પાઉન્ડ પાસે સર્વિસ રોડ ઉપર વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળી લકઝરી બસ આવતા પોલીસે તેને અટકાવી અંદર તપાસ કરતા પાછળની ડીકીમાં પાર્સલની આડમાં સંતાડેલ વિદેશી દારૂની ૧૧૪ નંગ બોટલ મળી ૧૪ હજારથી વધુનો દારૂ અને બસ મળી કુલ ૧૨.૧૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને રાજસ્થાનના આશાપુરા તાલુકાના ઈન્દ્રોડા ખાતે રહેતો નવીન રામજી પટેલ,જગદીશચંદ્ર પ્યારચંદ્ર આચાર્યને ઝડપી પાડી તેઓવિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ કાર્યવાહીથી હાઈવે પર લકઝરી બસમાં વિદેશી દારૂની હેરાફેરી કરાતી હોવાનો પર્દાફાશ થયો હતો. જેને લઈને બૂટલેગરોમાં પણ ફફડાટ ફેલોયો છે.

**DATE: 12/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વર: મીરા નગરમાં જુગાર રમતા ૨ જુગારીની ધરપકડ

અંકલેશ્વર : અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે મીરાં નગરમાં આવેલ દુર્ગા માતાજીના મંદિર પાસે ઝુંપડપટ્ટીમાં જુગાર રમાઈ રહ્યો છે.

જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા મળી કુલ ૫ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યોહતો અને રાજપીપળા રોડ ઉપર આવેલ અંજનીધારા સોસાયટીમાં રહેતો રામ પ્રસાદ ગુડ્ડે યાદવ અને રવિ જોરુ પરમારને ઝડપી પાડી તેમની સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 12/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

ભરૂચમાં હેલ્મેટ પહેર્યા વિના કચેરીમાં પહોંચેલા 110 સરકારી કર્મચારી દંડાયા

# દંડથી બચવાના બહાના..., મોટા નેતાના પીએ પડોશી છે, ડ્રાઈવની ખબર નહોતી!

**ભાસ્કર ગ્રાઉન્ડ રિપોર્ટ**

કેટલીક મહિલાઓએ કહ્યું-

## ગાડી જપ્ત કરી લો, પૈસા તો નહીં જ ભરીએ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં રાજ્યના ડીજીપીના આદેશને પગલે સરકારી કચેરીઓમાં હેલ્મેટ ડ્રાઇવ યોજાઇ હતી. ટુવ્હીલર ચાલક અને પાછળ બેઠેલાં બંનેએ ફરજિયાત હેલ્મેટ પહેરવાની સૂચના હોવા છતાં 110 સરકારી કર્મચારીઓ દંડાયા હતા. જ્યારે 50 સામાન્ય નાગરિકો પણ ટ્રાફિક પોલીસને ઝપેટે આવતાં રૂ.500-રૂ.500 લેખે કુલ રૂ.80 હજારનો વસૂલાયો છે. નોંધવું રહ્યું કે, દંડથી બચવા લોકોએ સાહેબ (મોટા નેતાના પીએ) અમારા પડોશી છે જેવા બહાના કાઢ્યા હતા.

રાજ્યમાં ડીજીપી ડીજીપી વિકાસ સહાયના પરિપત્રના અનુસંધાને વિશેષ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરાયું હતું. ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસના પીઆઈ ભાવના મહેરીયાએ ટીમ સાથે કલેક્ટર કચેરી બહાર ચેકિંગ કરતાં હેલ્મેટ વિના ફરજ ઉપર આવતાં અધિકારીઓ અને કર્મચારીઓ ઝપેટે આવ્યા હતા. કચેરીમાં આવેલા નાગરિકો પણ દંડાયા હતા. ઘણા લોકો એવા હતા કે જેઓ પાસે ખિસ્સામાં પૈસા ન હતા જેથી તેઓ પોતાના સ્વજનો પાસે પૈસા મંગાવીને દંડ ભર્યો હતો. સામાન્ય કામ અર્થે આવેલી કેટલીક મહિલાઓએ મારી ગાડી જપ્ત કરી લો પૈસા નહીં ભરીએની ચીમકી આપી હતી.

પોલીસના સમજાવ્યા બાદ લોકો જાગૃત બન્યા હતા. કેટલાક કર્મચારીઓ ટ્રાફિક નિયમોના પાલનમાંથી બચવા માટે પોતાના વાહનો કચેરીની બહાર અન્ય સ્થળે પાર્ક કરીને ઓફિસના મેદાનમાં આવતા હતા. ટ્રાફિક પીઆઈએ જણાવ્યું હતું કે, હેલ્મેટ પહેરો, ગાડીમાં સીટબેલ્ટ પહેરો,ત્રણ સવારી ન જાઓ અને બાઇકના મોડીફાઇડ સાઇલેન્સર ન રાખવાની જાગૃતિ લોકોમાં આવવી જરૂરી છે. પોલીસને પણ દંડાયા જેથી સામાન્ય નાગરિકો હેલ્મેટ પહેરવાનું શરૂ કરે.



કચેરી બહાર મહિલા પોલીસ કર્મચારી હેલ્મેટ વિના આવતાં રૂ.500નો દંડ ભરવો પડ્યો

**એક બાઇકને પંચર હોવાથી ત્રણ સવારી નીકળ્યા છીએ**



- આધારકાર્ડના કામ માટે આવ્યા હતા.
- હોસ્પિટલનું કામ અર્થે ફોન આવ્યો.
- એક બાઈકને પંચર હોવાથી મિત્રને લઈને અમે 3 જણા જઈ રહ્યા હતા.
- સાહેબ (મોટા નેતાના પીએ) અમારા પાડોશી થાય છે.
- હોમગાર્ડમાં છીએ, ખબર ન હતી.

**અંકલેશ્વરમાં પોલીસે ગુલાબ આપ્યાં**

અંકલેશ્વર પોલીસ દ્વારા મંગળવારે વિવિધ સરકારી કચેરીઓ પર પોલીસકર્મીઓ તૈનાત કરાયા હતા. તાલુકા પંચાયત, કોર્ટ સંકુલ અને મામલતદાર કચેરીઓમાં આવતાં ટુ-વ્હીલર ચાલકોને હેલ્મેટ વગર એન્ટ્રી ન આપી દંડ કરાયો હતો. તેમજ હેલ્મેટ પહેરીને કચેરીમાં આવેલા કર્મચારીઓ અને નાગરિકોનું ગુલાબ આપી સન્માન કરાયું હતું.

### લોકોની સેફ્ટી માટે સારું છે, અવેરનેસ પણ વધશે

ભરૂચ પોલીસ દ્વારા જે સેફ્ટી અવેરનેસ અંગે ડ્રાઈવ યોજાઈ તે એકંદરે સારી છે, પરંતુ સરકારી કચેરીઓમાં નહીં પણ આ ડ્રાઈવ જાહેર માર્ગો પર થવી જોઈએ જેથી લોકોમાં હેલ્મેટ પહેરવા અંગે જાગૃતિ આવે. જાહેર માર્ગો પર લોકોની અવરજવર વધુ રહે છે જેથી લોકોએ આને લઈને અવેરનેસ પણ વધશે. લોકોની સેફ્ટી માટે સારું છે. »જપન શાહ, જાગૃત નાગરિક,ભરૂચ

### આધારકાર્ડ માટે આવ્યા ને રૂ.500નો દંડ ભોગવ્યો

અમે સામાન્ય નાગરિક તરીકે આ બાબતની જાણ ન હતી જેથી અમે હેલ્મેટ વગર આધારકાર્ડમાં સુધારા વધારા કરવા માટે આવ્યા હતા અને પોલીસ દ્વારા અમને રોકીને સ્કૂટરમાંથી ગાડી ચાવી કાઢી લીધી અને દંડ ભરશો તો જ ગાડીની ચાવી આપીશું જણાવ્યું હતું. જેથી માત્ર આધારકાર્ડના કામ માટે આવ્યાને રૂ.500નો દંડ વસુલ્યો હતો. »પલક ગાંધી, નાગરિક,ભરૂચ

### સરકારી કર્મીઓ નાગરિકોના રોલ મોડલ, તેઓ જ નિયમ નહીં પાળે તો જનતા કેવી રીતે જાગ્રત થશે

રાજ્ય સરકારનું કહેવું છે કે, સરકારી કર્મચારી અને અધિકારીઓ નાગરિકોના રોડ મોડેલ છે. તેઓ જ નિયમોનો ભંગ કરે તો નાગરિકો ઉપર શું અસર પડશે. નર્મદા પોલીસ દ્વારા 25 જેટલા કર્મચારીઓને વીઓસીઈ ચલણ થકી દંડ ફટકારવામાં આવ્યા છે. જેમાં આરટીઓ મેમો 3, સ્થળ મેમો 9 અને પોલીસ સ્ટાફના 3 કર્મચારીને પણ મેમો અપાયો છે. જોકે આ ડ્રાઈવ સરકારી કર્મચારીઓ માટે જ રાખવામાં આવી હતી. »લોકેશ યાદવ, એ.એસ.પી., નર્મદા

**DATE: 12/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ટંકારીયા ગામે જુગાર રમતાં પાંચ શખ્સ ઝડપાયા

પાલેજ,તા.૧૧

ટંકારીયા ગામે કન્યા શાળાની પાછળ આવેલી ક્રિકેટનાં કોટની ઓથે સ્ટ્રીટ લાઇટના અજવાળે જુગાર રમતાં હોવાની પાલેજ પોલીસને મળેલી બાતમીના આધારે રેડ કરતાં પાંચ ઈસમોને ઝડપી લીધા હતા.

## પોલીસે ૭ શખ્સને વોન્ટેડ જાહેર કરી તમામ સામે કાર્યવાહી હાથ ધરી

તેઓ પાસેથી રૂા.૧૧,૧૪૦/- રોકડા, મોબાઈલ નંગ૩ રૂા.૧૫,૦૦૦/-, ટુ વ્હીલ ગાડી નંગ.૨ ૭૫૦૦૦/- મળી કુલ ૧,૦૧,૧૪૦/-નો જુગાર ઝડપી સહિત ઝડપાય પાંચ ઈસમો ઉસ્માન માલજી ટંકારિયા, માયુદિન મતાદાર ટંકારિયા, રાજુ વસાવા ટંકારિયા, હરેશ રોહિત ટંકારિયા, સંજયભાઈ ટંકારિયા ઝડપાઈ ગયા હતા. વોન્ટેડ આરોપીઓમાં સાગર વસાવા, જીવો ઉર્ફે કલવો, અફઝલ બાટલી, ઈમરાન મલેક, સુનિલ વસાવા, મહેશ વસાવા, બાબુ વસાવા તમામ રહે. ટંકારિયા સામે કાયદેસર કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી.

**DATE: 12/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### યુવકે પોતાની સાઈટ પર જાહેર માફી માંગતો વીડિયો પોસ્ટ કર્યો

# આદિવાસી સમાજની લાગણીઓ દુભાવનાર ઈસમની ધરપકડ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં સોશિયલ મીડિયા પર આદિવાસી સમાજની લાગણી દુભાવનાર ઈસમની પોલીસે અટકાયત કરી હતી.લાગણી દુભાવવા બદલ યુવકે પોતાની સાઈટ પર પ્રથમ જાહેર માફી માંગતો વિડીયો પર અપલોડ કરી વાઈરલ કર્યો હતો. પોલીસ યુવક ની અટક કરી પોલીસ મથકે લઈ આવતા જ આદિવાસી સમાજ ના ટોળા જામ્યા હતા અને જય આદિવાસીના નારા લગાવ્યા હતા. જો કે આદિવાસી સમાજ ના આગેવાનો પોલીસ ફરિયાદ ના આપતા પોલીસે અટકાયતી પગલાં ભરવા પડ્યા હતા.

બે દિવસ પૂર્વે અંકલેશ્વરમાં આદિવાસી સમાજના યુવાનો અને બહેનો અંગે અભદ્ર ટિપ્પણી પીન્કેશ નામના ઈસમે કરી હતી જે સોશિયલ મીડિયા પર મુકતા જ વિવાદ ઉભો થયો હતો અને આદિવાસી સમાજ ના યુવાનો માં રોષ ફેલાયો હતો તેમના દ્વારા આ મુદ્દે ઈસમ ને જાહેર માં માફી માગવી ની માગ કરી હતી જો કે યુવક જાહેર માં ના આવતા અંતે શનિવાર ના રોજ રેલી યોજી અને અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે લેખિત અરજી આપી યુવક સામે પગલાં ભરવા માંગ કરી હતી. જે બાદ પોલીસ દ્વારા પુરાવા આધારે યુવકને ઝડપી પાડવા ની કવાયત શરુ કરતા મૂળ અંદાડા અને હાલ હાંસોટ રોડ પર સંબંધી ને ત્યાં રહેતા પીન્કેશ પટેલ ની પોલીસે અટક કરી ગતરોજ પોલીસ મથકે લઈ આવી હતી આ અંગે આદિવાસી સમાજ ને જાણ થતા જ ટોળે ટોળા જામ્યા હતા. પોલીસ મથકે લઈ આવતા જ આદિવાસી સમાજ ના યુવાનો દ્વારા જય આદિવાસી અને જય ભીમના નારા લગાવતા એક તબક્કે વાતાવરણ ગરમાયું હતું. જો કે પોલીસે યુવકની અટક કરી લોકઅપમાં મૂકી દીધા બાદ આ અંગે આદિવાસી સમાજના આગેવાનો જોડે ચર્ચા કરી પોલીસ ફરિયાદ અંગે જાણ કરી હતી.

**DATE: 13/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# અંકલેશ્વરના બસ ડેપો સામે હોટલ રોયલ ઈનમાંથી જુગારધામ ઝડપાયું

અંકલેશ્વરઃ ભરૂચ એલસીબી પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, 'અંકલેશ્વર જૂના હાઈવે ઉપર જી.આઈ.ડી.સી. બસ ડેપોની સામે આવેલી હોટલ રોયલ ઈનમાં રૂમ નં.306માં હોટલના ભાગીદાર લતીફ અબ્બાસ મલેક બહારથી માણસો બોલાવી ભેગા કરી જુગારધામ ચલાવે છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.30 હજાર અને 6 મોબાઈલ ફોન તેમજ એક બાઈક મળી કુલ રૂ.80 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જંબુસરના દહેગામ યકલો ફળિયામાં રહેતો અને હોટલના ભાગીદાર લતીફ અબ્બાસ મલેક, અઝીમ ઐયુબ બક્સ, નઈમ ઈસ્માઈલ મદાકરીયા, મોહંમદ ઝૈદ મોહંમદ વોરા પટેલ, મોહસીન કમરૂદીન દીવાન અને આસિક ઉસ્માન મલેક, ઝાકીર અબ્બાસ વોરા પટેલ તેમજ સિદીક રાજા મલેકને ઝડપી પાડ્યો હતો. જ્યારે હોટલના મેનેજર સહિત ચાર જુગારીને વોન્ટેડ જાહેર કર્યા હતા.

**DATE: 13/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# વાગલખોડ ગામે આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

નેત્રંગ. તા.૧૨

**વાલીયા પોલીસ સ્ટેશનના પીઆઈએ અલગ-અલગ ટીમો બનાવી વાલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન-જુગાર કેસો શોધી કાઢવા ઝુંબેશ હાથ ધરવામા આવેલી હતી.**

## પોલીસે રૂ. ૫૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

તા.૧૧ ના રોજ પોલીસ સ્ટાફ પૂર્વ બીટ વિસ્તારમા પેટ્રોલિંગમા હતા. તે સમયે બાતમીના આધારે વાગલખોડ ગામે આંગણવાડી ફળીયામા રહેતો રણજીત બાલુ વસાવા તેના ઘરના પાછળના ઓટલા ઉપર બેસી જાહેરમાં આંક ફરકના આંકડા લખી પૈસાની લાગ લગાવી લઈ હારજીતનો જુગાર રમી રમાડી રહ્યો છે.જે બાતમી આધારે રેડ કરાતા કેટલાક ઈસમો વાંકા વળી કાંઈક લખાવી રહ્યા હતા.પોલીસ ની રેડ પડતા લખાવનારાઓ ભાંગી ગયા હતા.ઓટલા પર બેસી લખનાર ઈસમ ઝડપાઈ ગયો હતો.

તેના હાથમાં આંકડા લખેલી સ્લીપ બુક ૧,કાર્બન પેપરનો ટુકડો અને બોલપેન નંગ ૧ મળી આવેલ ઝડપાયેલ શખ્સનુ નામ પૂછતા રણજીત બાલુ વસાવા ઉ.વ.૩૯ જણાવેલુ હતુ.તેની પાસેથી રોકડ રૂ.૧૧,૭૩૫ મો.નંગ ૧ રૂ ૭૦૦૦ બાઈક ૧ રૂ ૩૫,૦૦૦ મળી કુલ રૂ ૫૩,૭૩૫ મુદામાલ જપ્ત કરી તેની સામ વાલીયા પોલીસ સ્ટેશનમા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી તેની અટકાયત કરવામાં આવી હતી.

**DATE: 13/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

## બાતમીના આધારે પોલીસની રેડ

# અંકલેશ્વર બસ ડેપો સામે જુગાર રમતા ૮ ખેલી ઝબ્બે

। અંકલેશ્વર ।

ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા આપેલ સૂચનાને આધારે ભરૂચ એલસીબીના પી.આઈ એમ. પી.વાળા એલ.સી.બી.ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ આર.કે.ટોરાણી સહીત સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર જુના હાઈવે ઉપર જી. આઈ.ડી.સી બસ ડેપોની સામે આવેલ હોટલ રોયલ ઈનમાં રૂમ નંબર-૩૦૬માં હોટલના ભાગીદાર લતીફ અબ્બાસ મલેક બહારથી માણસો બોલાવી ભેગા કરી જુગારધામ ચલાવે છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા ૩૦ હજાર અને ૬ મોબાઈલ ફોન તેમજ એક બાઈક મળી કુલ ૮૦ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જંબુસરના દહેગામ ચકલો ફળિયામાં રહેતો અને હોટલના ભાગીદાર લતીફ અબ્બાસ મલેક,અઝીમ ઐયુબ બાકસ,નાઈમ ઈસ્માઈલ મદાફરીયા,મોહંમદ ઝૈદ મોહંમદ વોરા પટેલ,મોહસીન કમરૂદીન દીવાન અને આસિફ ઉસ્માન મલેક,ઝાકીર અબ્બાસ વોરા પટેલ તેમજ સિદીક રાજા મલેકને ઝડપી પાડ્યો હતો.

## રૂા.૮૦ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો

**DATE: 14/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### બાળક એબીસી ચોકડી પર ટ્રાફિક જવાનને મળ્યો હતો

# પુત્ર રસ્તો ભૂલી ગયો, ટ્રાફિક પીઆઈને મળતાં પિતા સાથે તેનું મિલન કરાવ્યું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં આવેલી ખુશ્બુ પાર્ક સોસાયટી રહેતા મિસ્ત્રી પરિવારનો પુત્ર ઘેરથી સ્કૂલ જવાનું કહી નીકળતા ભૂલો પડી ગયો હતો.તે બાળક એબીસી ચોકડી પર ટ્રાફિક જવાનને મળતા શહેર ટ્રાફિક પીઆઈએ તેના પિતાનો સંપર્ક કરીને મિલન કરાવ્યો હતો.

ભરૂચ શહેરમાં ખુશ્બુ પાર્ક સોસાયટી આવેલી છે જેમાં નિસાર એહમદ મિસ્ત્રી પોતાના પરિવાર સાથે રહે છે.આજ રોજ



તેમનો નાનો પુત્ર મહોમ્મદ રેહાન ઘેરથી સ્કૂલે જવાનું કહી નીકળતા ભૂલો પડી જતા તે એબીસી ચોકડી પહોંચી ગયો હતો.આ સમયે ત્યાં ફરજ બજાવતા એક ટ્રાફિક બ્રિગેડના જવાનની તેના પર નજર પડતા તેની પૂછતાછ કરતા તે ભૂલો પડી ગયો હોવાનું જાણવા મળ્યું હતું જેથી ટ્રાફિક બ્રિગેડ જવાને તે અંગેની જાણ તેમના શહેર ટ્રાફિક પીએસઆઈ એન.આર.પાથરને કરતા બાળક રેહાનને પાંચબત્તી સ્થિત આવેલી પોલીસ ચોકી ખાતે લાવી તેની પૂછપરછ કરી તેના પિતાનો મોબાઈલ નંબર અને સરનામું પૂછી તેના પિતાનો સંપર્ક કરી પાંચબત્તી ખાતે બોલાવી તેના પિતાને સુપ્રત કર્યો હતો. આ સમયે પોતાના બાળકને હેમખેમ જોતા જ પિતાની ખુશીનો કોઈ પાર રહ્યો ન રહ્યો હતો તેમણે પોલીસ અને ટ્રાફિક બ્રિગેડના જવાનનો આભાર વ્યક્ત કર્યો હતો.

**DATE: 14/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**


# નોબરીયા સ્કૂલ પાછળ 4 ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા હસ્તી તળાવ વિસ્તારમાં દરમિયાન મળેલી ચોક્કસ બાતમી આધારે પોલીસ દ્વારા નોબરીયા સ્કૂલ પાછળ આવેલ બાલા ની ચાલ માં જાહેર માં જુગાર રમતા સિકંદર ઈબ્રાહિમ મોહમ્મદ, આજીમ અખ્તર હુસેન શેખ, આશીફ અનવર શેખ, શાહિલ સિદ્દીક સીદી રંગે હાથ ઝડપી પાડ્યા હતા રોકડ રૂપિયા 2630 જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 15/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# પાનોલી પોલીસ દ્વારા વુમન સેફ્ટી અને સાઈબર ક્રાઈમ અવેરનેસ સેમિનાર યોજાયો



અંકલેશ્વર : ભરૂચ જિલ્લા મહિલા પોલીસના PSI વૈશાલી આહીર અને પાનોલી પોલીસ મથકના પી.આઈ. એસ.એમ.દેસાઈના સયુંકત ઉપક્રમે અંકલેશ્વર-ભરૂચ શી ટીમને સાથે રાખી પાનોલીની જે.બી. ફાર્મા કંપનીમાં **Women Safety & Cyber Crime Awareness** બાબતે સેમિનાર યોજાયો હતો. જેમાં મહિલા કર્મચારીઓમાં જાગૃતિ આવે તે હેતુસર ગુનાહિત ઘટનાઓને ધ્યાને લઈ સ્વરક્ષણ,જાતીય શોષણ,હેરાનગતિ,છેડતી, તેમજ સાયબર ક્રાઈમ જેવા વિષયો ઉપર વિસ્તૃત જાણકારી અપાઈ હતી.

DATE: 16/02/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# અંકલેશ્વરના સારંગપુરમાં 5 જુગારિયા ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે સારંગપુરની સોનમ પાર્ક સોસાયટીમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.32800 અને ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.46 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી જુગારી અખિલેશકુમાર પાલ, લલ્લનસિંગ રામસ્વરૂપ પાલ, લલિતકુમાર ભગવાનસિંગ પરિહાર તેમજ રાજકુમાર પાલ તેમજ સુમિતસિંગ સિંગ રાઠોડને ઝડપી પાડ્યા હતા.

**DATE: 16/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# નર્મદા કેનાલ નજીકથી ફરાર આરોપી પકડાયો



ભરૂચ: ભરૂચ તથા વડોદરા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોના પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના ગુનામાં છેલ્લા છ મહિનાથી વોન્ટેડ અર્જુનભાઇ સોમાભાઇ ગોહિલ (ઉ.વ.47)ને નર્મદા કેનાલ નજીકના પાદરા વિસ્તારમાંથી પકડી પાડવામાં વેડચ પોલીસને સફળતા મળી હતી. જેને ભરૂચ સબજેલ હવાલે કરાયો હતો. આરોપી કુલ 4 સજા વોરંટ તથા 2 પકડ વોરંટ જારી હતા. ફરાર આરોપીને જંબુસર વેડચ પોલીસ દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો.

DATE: 16/02/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# ભરૂચમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા સટોડિયાની ધરપકડ

ભરૂચ: ભરૂચ બી-ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે, આબાદનગરના રહેવાસી સલીમખાન પઠાણ હાલ ચાલી રહેલી પાકિસ્તાનની મેચ પર સટ્ટાબેટિંગ કરી રહ્યો છે. જેના આધારે પોલીસે તેના ઘર પર દરોડો પાડી ધરપકડ કરી હતી. તેની પાસેથી સટ્ટા બેટિંગના બે પત્રક, મોબાઈલ ફોન અને રોકડ મળી 12,000નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. આરોપી સાથે જોડાયેલા બે અન્ય ઉસ્માન પટેલ અને અઝીઝ પટેલ હાલ ફરાર છે. પોલીસે તેમને વોન્ટેડ જાહેર કરી તેમની શોધ શરૂ કરી છે. આરોપીઓ પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ દરમિયાન સટ્ટા બેટિંગ કરવાના આરોપો છે.

**DATE: 16/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### નેશનલ હાઇવે 48 પર આવેલી હોટલ પ્રિન્સના કંપાઉન્ડમાંથી ઝડપી પાડ્યો

# મીરાનગરથી અમરેલી દુષ્કર્મ અને જૂનાગઢ અપહરણના આરોપીને સગીરા સાથે દબોચ્યા

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અમરેલીના દુષ્કર્મના આરોપીને વોચ ગોઠવીને અને જૂનાગઢ અપહરણના આરોપી ને સગીરા સાથે દબોચી લેવાયા હતા. અમરેલી જિલ્લાના ચલાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મના આરોપી મીરા નગર થી ઝડપી પાડ્યો હતો. જૂનાગઢ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણના કેસનો આરોપી પણ મીરા નગર થી ઝડપાયો હતો.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બે અલગ-અલગ જિલ્લાના ગંભીર ગુનામાં આરોપીને સફળતાપૂર્વક ઝડપી પાડ્યા છે. અમરેલી જિલ્લાના ચલાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મના આરોપી અજય ગોવિંદભાઈ દાફડા ને પકડ્યો હતો. જ્યારે જૂનાગઢ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણના કેસનો આરોપી કનૈયા રામઅયગા યાદવને સગીરા સાથે સારંગપુર ગામના મીરા નગર વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

અમરેલી જિલ્લાના ચલાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મના આરોપી અજય ગોવિંદભાઈ દાફડા ને નેશનલ હાઈવે 48 પર આવેલી હોટલ પ્રિન્સ ના કંપાઉન્ડમાં થી પકડી પાડવામાં આવ્યો હતો. બાતમીના આધારે વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો અને તેને ચલાલા પોલીસને સોંપવામાં આવ્યો છે.જૂનાગઢ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણના કેસનો આરોપી કનૈયા રામ આયગા યાદવને સગીરા સાથે સારંગપુર ગામના મીરા નગર વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી શિવ મંદિર સામે આવેલા દીપક યાદવ ના મકાનમાં રહેતો હતા. આરોપી અને પીડિત સગીરાને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે અને જૂનાગઢ તાલુકા પોલીસને જાણ કરવામાં આવી છે. ભરૂચ એલસીબીની આ કામગીરીથી બે ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

દારૂની હેરાફેરીના ગુનામાં

# છેલ્લા ૮ મહિનાથી નાસતો ફરતો આરોપી મહારાષ્ટ્ર ખાતેથી ઝડપાયો

નેત્રંગ. તા.૧૫

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે નેત્રંગ પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુના હેઠળ છેલ્લા ૮ મહિનાથી નાસતા ફરતા આરોપીને મહારાષ્ટ્રના ખાપર ખાતેથી ઝડપી લીધો હતો. જિલ્લામાં નાસતા ફરતા અને વોન્ટેડ આરોપીઓને પકડી લઈ કાયદેસર કાર્યવાહી કરવા પોલીસ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની વિવિધ ટીમો દ્વારા ભરૂચ જિલ્લાના તમામ પોલીસ મથકોમાં નોંધાયેલા વિવિધ ગુનાઓમાં જિલ્લામાં તેમજ બહારના જિલ્લાઓમાં નાસતા ફરતા આરોપીઓની માહિતી ભેગી કરી આરોપીઓને શોધી કાઢવા જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન એલસીબીની ટીમને નેત્રંગ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે નેત્રંગ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી અવિનાશ હરીલાલ વસાવે હાલમાં મહારાષ્ટ્રના ખાપર ખાતે આવેલા તેના ઘરે હાજર છે.

એલસીબીની ટીમે બાતમી મુજબના સ્થળે જઈને નેત્રંગ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ૮ મહીનાથી નાસતા ફરતા આરોપી અવિનાશ ભાઈ હરીલાલ ભાઈ વસાવે રહે.ખાપર તા. અક્કલકુવા જિ.નંદરબાર (મહારાષ્ટ્ર) ઝડપી લઈ વધુ તપાસ માટે નેત્રંગ પોલીસને સોંપ્યો હતો.

**DATE: 16/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### પોલીસે ભાગી જનાર આરોપીની તપાસ હાથ ધરી

# કંથારિયા ગામની સીમમાં ચાલતા ગૌવંશ કતલખાનાનો પર્દાફાશ

## રૂા.૧.૯૫ લાખના મુદ્દામાલ સાથે બે આરોપીની અટક

। ભરૂચ ।

ભરૂચ તાલુકા પોલીસે કંથારીયાની સીમમાં ચાલતા કતલખાનાનો પર્દાફાશ કર્યો છે.

કંથારીયાના વાડી ફળીયામાં ગરમીયા ખાડી નજીક કેટલાક શખસો ગૌવંશની કતલ કરી રહ્યા છે. પોલીસે રેઈડ કરતા ત્રણ શખ્સો ગાયની કતલ કરતા હતા. પોલીસને જોઈને ભાગવાનો પ્રયાસ કરનાર બે આરોપી ફારૂક મુસા વાડીવાલા અને સીરાજ અકબર દિવાનને ઝડપાયા હતા. પોલીસે



કંથારિયાની સીમમાં ગાયની કતલ કરનારા બે આરોપી ઝડપાયા હતા.

ઘટનાસ્થળેથી ત્રણ ગાય કિંમત રૂા.૩૫૦૦૦ અને એક મારૂતિ વાન કિંમત રૂા.૧.૫૦ લાખ સહિત કુલ ૧.૯૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે ફરાર આરોપી સલીમ દિવાનને પકડવા માટે તપાસ શરૂ કરી છે.